બંકાના ડંકા

અને

જમાનાના ઝપાટા,

રચનાર. કવી પરાગજી સુંદરજી દેશાઇ. વાવકર.

સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ભટ, ભીખાશંકર નથુશંકર સુરતકર.

સુરત.

ના ૨૫ મા એકટ મુજબ રજીસ્ટર કરાવી છે.

આ. પહેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯.

કીંમત માત્ર બે આના.

ધી 'અમરસિંહજી પ્રિ. પ્રેસ'-અમદાવાદ.

પ્રસ્તાવના.

હે પરમકૃપાળુ પરમેશ્વર કુમતિ કાપ અને સુમતી આપ, મારા કાર્યમાં સહાયભુત થનારનાં કષ્ટ કાપ અને સુખ આપ મારા મિત્ર મંડળને સાહાય કરો અને કષ્ટ હરો.

આ હીંદના કુસંપ મુળ કાપો અને સંપની જડી આપો અને હીંદનો વિજય વાવટો ફરકાવો એવિ યાચના કરૂં છું—

આ ચોપડીમાં સંસાર સાગરમાં વસતા પ્રાણીઓના થતા ગંભીર ગોટાળા અને ક્રુર રીવાજોથી થતા ગેરફાયદા, હાનીકારક બનતા બનાવો અને એવા અઘોર કર્મથી લાગતી કુગને એબનું ચોક્ષ્ખ રીતે ખુલ્લે ખુલ્લુ લખાણ પ્રગટ કરવામાં આવશે. આ કાર્ય મારૂં પ્રથમ હોવાથી ભુલચુક સુધારી વાંચશો તે બદલ હું માફી માગું છું. અને આ કાર્યમાં મને સહાયભુત થનાર મારા મિત્રમંડળને હું ધન્યવાદ આપું છું કે ઇશ્વર આવા સુપાત્ર મિત્રને અવિચળ રાખો અને આવા પરોપકારી કાર્યમાં તેમની સુમતિને અનુકુલીત કરો એજ મારી દીનાનાથ પાસે માંગણી છે.

લી. શુભેચ્છક–કર્તા,

દેશાઇ.

શ્રી હરી સહાય કો નમું હરનિશ કર જોડી. શ્રી હરી.
ધ્યાન ધરી ધરણુધર તારૂં મતિ ગતિ અતિ નથી હું
શું ઉચ્ચારૂં.
કાર્ય કરો સિદ્ધ મારૂં. શ્રી હરી.
રાગે રટું હરનામ તમારૂં તુજથી અધિક નથી કાંઇ હમારૂં,
વહાલા કદી ન વિસારૂં. શ્રી હરી.
તન તમારા ઝખ બહુ મારે ભારત ભુમિ મારે ભારે,
ડુબ્યાં નરનાર જ્યારે. શ્રી હરી.
હદ હિંદુની ગઇ હત્યાથી પ્રજા નિર્બળ થઇ કત્લાથી,
કાઢો આ સરજ્યાથી. શ્રી હરી.

દુનિયાનું ખાન પાન બાન થયું ન્યારૂં ન્યારૂં,
ધર્મ ને કર્મ મુક્યાં ઉંચે હું ક્યાં ઉચ્ચારૂં;
હાય હીંદુભાઇ હદ થઇ બોટલ બરંડીની લઇ,
મટન પુલાવ ખાતાં અક્કલ કેમ મારી ગઇ ગઇ.
મોજાં પાટલુન પ્હેરીને, કોટકલર પહેરીને, જુઓ
મારા વેરીને,
પીઓ પીઓ પીઓ પ્રેમ પાણી આ ખારૂં ખારૂં. દુનિયા.
જુવો સુધરેલ સપાટા છે છે ને પાકે આટા ધર્મથી
ચાલે રાંટા,
નાર કહે કે એનો છેડો હું કેમ વારૂં. દુનિયા.
સ્ત્રી—લાગ્યું દેખવા ઘર પ્યારૂં હવે શું થશે મારૂં
કોઇને હું ઉરે ધારૂં,
વગતી લાવું હું ઝેર ભાકેલ ભમતાને સારૂ. દુનિયા.

સાખી.

કામ કાગડો કાળ છે, કરશે કાળો કેર;
હૃદય લગાવી અંગમાં, લેવા આવ્યો વેર.

અરે જરા જુવો તો ખરા! શું મઝા. શું ટેશ, બસ, ઓલરાઇટ. આપણે તો જરૂર ઇંગ્લિશ ફેશન ડ્રેસ, ખાણું, અને રીતરીવાજ પાળવાનાજ. જોઈ તો ખરો! મારા માઇન્ડ આગળ કોણ સવાલ જવાબ કરે છે! અને મને રોકે છે! હમે હમારે ફાવે તેમ કરશું, તેમાં કોઈના બાપનો શું પુછી જાય છે!

બેટો—આજરોજે મારે સાંજના ટાઇમે ફરવા જવા વિચાર છે, માટે કઈ ગાડી જોડી જઉં બાપા?

બાપા—બેટા, એમાં વળી તારે પુછવું શું હતું! તારે જે ગાડીમાં જવું હોય, તેનો ઓર્ડર તું રામાને કરજે, કે તરત ગાડી તૈયાર કરી લઈ આવશે. બેટા, તારા મતથી હું કયે દીવસે જુદો પડ્યો છું! તને સ્વપ્ને પણ ખબર છે કે મેં તારૂં દીલ કોઈ દીવસ દુભાવ્યું છે! દીકરા, બેટા, તને જોઈને મારો આત્મા એવો શાંત થાય છે કે ઠંડો બરફ જેવો. વાહરે દીકરા! શું તારી કાંન્તિ, શું તારો ભભકો, અને શી તારી ચતુરાઈ!

બેટો—ત્યારે શું બાપા હું મુર્ખ છું. હજુ તો ક્યાં! પુરેપુરો મારો ઇંગ્લિશ અભ્યાસ તો થવા દયો! કે રોજ બસ રૂપીઆ પાંચની બ્રેંડીની બાટલી તો જરૂર ખરીદશું. અને મોઝમજા ઉડાવશું.

બાપા—ચાલ હવે દીકરા ઝાઝું બોલીયે નહીં અત્યારથી એવી બોલવાની ટેવ પડી જાય, તો આગળ જતાં ખરાબ થાય.

બેટો—વાહરે બાપા, બોલે તે ખરાબ થાય, કે ન બોલે તે ખરાબ થાય? અરે! વાતમાં ને વાતમાં વખતનો [illegible] થઈ ગયો.

એ રામા, ઓ રામા, કેમ કંઇ સાંભળતો નથી કે?

રામો—જી સાહેબ

બેટાલાલ—આજ જરા આમ તેમ હવા ખાવા જવું છે, માટે ગાડી તૈયાર કર; એટલે હું પણ કપડાં પહેરી તૈયાર થાઉં છું. ચાલ જા.

રામો—અચ્છા અભી ગાડી તૈયાર કર કે લેકે આતા હું.

બેટાલાલ—બાપા પેલાં કપડાં હાલ જે નવાં શીવડાવ્યાં છે, તે તમોએ ક્યાં મુક્યાં છે? જરા લાવોને, આજ એને પહેરીને ફરવા જવું છે.

બાપા—અચ્છા, પેલા કબાટમાં છે, કોલર પણ ત્યાંજ છે.

બેટાલાલ—બહુ સારૂ (આમ કહી કબાટમાંથી કપડાં કાઢી પહેરે છે અને માથામાં તેલ અત્તર નાંખી પટીયાં પાડી કમ્પ્લીટ બને છે. અને બાપ પાસે જાય છે) કેમ બાપા. આ ડ્રેસ મને સારો લાગે છે કે કેમ?

બાપા—વાહરે દીકરા! આ ડ્રેસથી તો તું એવો સુંદર દેખાય છે કે જેટલી ઉપમા તને મારાથી ન અપાય એટલી ઓછી છે. સાંભળ.

ગાયન.

વાહ શોભે સુંદર શું બેટા, રાખું નહીં, છેટા
લ્હેજત બહું દેતો વારી વારી જાઉં.
કોટ પાટલુનનો સ્ટોકીંગ છે પગમાં,
ફરો ચસમા ચડાવીને જગમાં.
ગાડીઘોડે બેશી ફેરવાવું મઝા હું કરાવું,
ખુશી બહુ થાઉં લાડીને બોલાઉં.

દીકરો—તેલ ફુલેલ મહેકે છે શરીરમાં, રોફ મા[illegible]

ગયો છે અમીરમાં.

બુટ પીળાં શોભે છે પગે, કોલર છે કોટે,

પાન રંગ હોઠે, રામાને બોલાઉં.

એ રામા ગાડી લાવ, ચાલ જલદી લાવ, શું કરે છે શું?

રામો—લાવ્યો સાહેબ, આ રહી તૈયાર છે. આપ બેસો એટલીજ વાર છે.

બેટાલાલ—બાપા ગાડી આંગણામાં આવી છે. ચાલો હવે જાઉં છું. મારે કદાચ ટાઇમ વધુ થાય તો આપ વાળુ કરી લેશો. હું આવીને ખાઇ લઇશ.

બાપા—બહુ સારૂ, પણ જલદી આવજે, અરે પણ દીકરા, પાસે કાંઇ વાપરવાને માટે લીધું છે કે ભુલી ગયો?

બેટાલાલ—ભુલ્યો તો નથી. પચાશની નોટ ખિસ્સામાં નાંખી છે.

બાપા—ત્યારે તો હરકત નહીં.

બેટાલાલ—બાપા રજા લઉં છું. રામા ચાલ ચલાવ ગાડી, બગિચા તરફ. (કે રામાએ તુરત ગાડી બગિચા તરફ ફટકારી.)

ત્યાં આગળ બેટાલાલ જરા બેઠા, એટલે તો છોટાલાલ, બાપાલાલ, મોટા, વગેરે મીત્રોની ગાડી આવી, અને જ્યુરી બંધાઇ, તેમાં એક જણે પહેલી દરખાસ્ત એ મુકી કે.

છોટાલાલ—મીસ્તર આજે તો શરાફ બજારમાં હુંડી વટાવવા જરૂર જવું જોઇએ કેમ શો વિચાર છે?

મોટાલાલ—વાહરે મી. છોટાલાલ, હું પણ કહેવાનોજ હતો, પણ એટલામાં તમારોજ સવાલ થયો, એટલે આપણા

એ મત તો ચોકસ છે, એમ માનવામાં આવે છે, બોલો મી. બાપાલાલ શો વિચાર છે ?

બાપાલાલ—બધાનો જે વિચાર તેજ વિચાર આપણો પણ કાયમ રાખો, પણ જરા સબુર કરો આપણે અહીંથી હોટલમાં ચાલો, ટીફીન બરંડી વીગેરેથી ઓલરાઇટ બની, પછી નિશ્ચંતથી જઇએ તો કાંઇ હરકતજ નહીં.

છોટાલાલ }
મોટાલાલ } —થેંકયુ મી તમે પણ ઠીક યાદ કર્યું. આ પ્રમાણે તમારી યાદશકિત ઘણીજ સારી છે એમ જણાય છે.

બાપાલાલ—ઓલરાઇટ, ઓલરાઇટ, પધારો.

સરવે મીત્રમંડળ હોટલમાં જઇ, ટીફીન પાણી કરી બરંડી કાંઇક ચડાવી અને એકાદ બોટલ સાથે લીધી અને ગાડીઓ ફટકારી, તે સરાફ બજારમાં જઇને હીરાંબાઇની પેઢીએ ગાડીઓ ઉભી રખાવી. અને રામાને કહયું, તને હમો રૂપિઓ રૂપિઓ આપીએ. તે લે, અને આ વાત બાપાને ઘર આગળ કરતો નહીં. ચાલ હવે હમો જઇએ છીએ ગાડી નીચે ઉભી રાખજે.

રામો—બોત અચ્છા કુછ હરકત નહીં, તુમ ચલે જાવ, મેરી કુછ ફીકર કરના નહીં.

આમ કહી રામાએ ચાર રૂપિયા ખિસ્સામાં મુકયા, અને ખાનદાનના ફરજંદ હીરાંબાઇની પેઢીએ નોટના ભાવ પુછી, પાન સોપારી ખાધાં અને નરગાં, દીલરૂબો, સરોદો વગેરે સાજોનો ભાવ પુછી આખરે નોટના કટકા ૧૦૦ ટકા વટાવે વટાવ્યા. અને બરંડીના નિશાથી રાતના બે વાગ્યા ત્યારે જાગૃત થઇ ઘેર ગયા.

વાહરે મારા અક્કલના હીરા અને શિકલના શાલીગરામ!

તમે જ્યારે આમ ભટકશો, ત્યારે તમારા ઘરવાળી તમારા નામનો કેમ છેડો વાળશે ? તે કાંઇ સમજાતું નથી પરંતુ તેને પણ તમેજ શીખવી. ઘરમાં ખાવાનું તૈયાર જે જોઇએ તે હાજર છે, છતાં પરઘેર તમો જમવા જશો ત્યારે એ બિચારી શું પારકાને ન જમાડશે ? તમારે માટે તૈયારકરેલું ખાવાનું, જો તમે ન ખાશો, અને બીજુ પારકું ખાવા જશો, તો જરૂર એ તમારૂં ખાવાનું બીજાને ખવાડશે. એમાં કાંઇ શક જેવું નથી.

વિરહ ક્ષુધાથી કોઇ રહ્યું નથી, અને રહેશે પણ નહીં. તમો છતાં એ બીચારીને ભુખે મારો, અને તમારૂં અન્ન પારકાને ખવાડી શાંન્ત કરશો, તો એ પારકું અન્ન ખાઇ શાંન્ત થશે, પણ ભુખ્યાં તો નજ રહેવાય, પછી તો તમો જાણો.

અહાહાહા! શું રવાબ, શો ભપકો, શું ઠાઠ, હત તમારૂં સત્યાનાશ જાય! ઓઃમુર્ખાઓ, તમો ખાનદાન કુટુંબમાં જન્મ પામી, બાપદાદાની મેળવેલી ઇજ્જત અને પૈસા ઉપર પાણી ફેરવવા બેઠા છો કેમ? અરે પણ હુંજ ભુલું છું.

મેલાં થયેલાં કપડાં પાણીથી ધોયા શિવાય સાફ થતાં નથી, તેમ બાપદાદાની ઇજ્જત આવા પુત્રો પેદા થયા સિવાય ધોવાઇ સાફ થતી નથી, તેટલા માટેજ એવાઓની જરૂર છે.

એવા ફરજંદ જ્યારે ખાનદાન અને ઊંચ કુટુંબમાં પેદા થશે, ત્યારેજ આ હિંદુસ્થાનનો ઝટ ભાગ્યોદય થશે.

કેળવણી પામી પામીને મારા વ્હાલાઓએતો, ભંડારમાં એકદમ એટલું જ્ઞાન ભર્યું કે, જ્યાં જોઉં છું ત્યાં

ખામી ખામી ને ખામી. જોજો, મારા મહેરબાનો, કેલવણીનો ચોક્કસ અનુભવ, અને સુધારો, નજરેજ જોવાનો છે, છેટે જવાની જરૂર નથી.

નીચેનું લખાણુ ખાસ આપણા જેવા ઊંચ કોમને શું એબ લગાડવા જેવું નથી? એમ કોઇ પણ કહેશે ખરૂ!

કણબી, કોળી, ઢેડ, ચમાર, વગેરે નીચ કોમમાં જે જે બનાવો નથી બનતા, તે તે બનાવો બ્રાહ્મણ, વાણીયા, કાયસ્થ વગેરે ઊંચ કોમની ન્યાતીમાં થાય છે. તે શું ખેદ ઉપજાવી કુળને, ન્યાતીને અને કુટુંબને કાળો ડાઘ લગાડનાર નથી!

૧ દેશ શેવા બજાવી, પરોપકારી કામ કરી, નામ અમર કરવાથી અને સુમાર્ગે પૈસા વાપરવાથી, પાપ થાય છે અને બાપદાદાના નામને અને ઇજ્જતને બટો લાગે છે. એટલુંજ નહીં, પરંતુ પોતાના ઘરમાં વિધવા પુત્રી, યા વહુ હોય, તેને ધાર્મિક શિક્ષણ આપી વ્યભિચાર, ગર્ભપાત જેવું કાળુ કલંક લગાડનારા રીવાજો નષ્ટ કરવાથી, ઇશ્વરના ગુન્હેગાર કરે છે. એટલા માટે આવા ઠરાવો ખાસ પાળતા આવ્યા છે ને પળાય છે અને એજ કાયમ પણ રહેશે. પરંતુ ક્રૂરહૃદય દુષ્ટ મતિનાં ભાઇ, સુધારો કરી હત્યાઓ થતી દુર ન કરશે, તે નજ કરશે. પૈસાનો સદઉપયોગતો આજ કાલ, ગાડી, પાડી, લાડી અને બરંડી સિવાય બીજા કોઇ પણ કાર્યમાં નથી. કેમ ખાનદાન અને પૈસાદાર કુટુંબના ફરજંદો ખરી વાત છે ને?

વાહરે જમાનો! શું સુધારાની ચતુરાઇ!

થેંક્યું મી. થેંક્યું! આજ કાલ એમાંજ મોજ શોખ અને ટેસ સમાયલા છે તેમ સ્વર્ગમાંથી વિમાન મંગાવી તમને વૈકુંઠ પોચાડનાર તો એજ ચિજ છે. તમારા બાપદા-

દને વૈકુંઠ જવાનો રસ્તો નહોતો જડતો તે તમોએ તો કેલ-વણી પામી અને જ્ઞાન દ્વારાએ સરળ રસ્તો ખોળી કાઢયો ખરો મા . . રે હિંદના વીર! ધન્ય છે! તમને કે સરાફ બજારે તમને વટાવતાં તમારી કીંમત કોઇથી થઇ શકી નહીં, જેથીજ તમારી શીલક રહી ગઇ છે.

પરદેશનો પહેરવેશ તમનેજ પ્રિય છે કે આપણા બાપ દાદાને પણ હતો ખરો? નહીં, કદી નહીં! કારણ તે લોકો સમજતા હતા કે દેશ છોડીએ, છતાં વેશતો નજ છોડવો, કારણ કે:–

આ આપણા હિંદુસ્થાનમાં યુરોપીયન લોકો આશરે વરસ ૮૦–૯૦ થયાં આવ્યા છે છતાં તે લોકો આપણા દેશમાં રહે છે પરંતુ આજ સુધી એવું કાંઇ જોવામાં આવ્યું નથી કે કોઇ યુરોપીઅન, ધોતીયું, પાઘડી, અંગરખો પહેરી ચંદન લગાવી ફરતો હોય! અને આપણો ધર્મ સ્વીકારતો હોય! જોઇએ કયાંથી એ લોકો સમજે છે કે જે આપણો દેશી પહેરવેશ છે અને ધર્મ છે એજ ખરો છે, એ શીવાય બાકીનું તમામ આપણા ઉપયોગનું નથી. ત્યારે શું આપણી ચીજો તેના ઉપયોગમાં નથી અને તેની ચીજો અને ધર્મ શું આપણા ઉપયોગના છે એમ તમને ભાસે છે!

જુવો કે મદારી વાંદરાને શિખવે ત્યારે જેમ મદારી લટકા ચટકા કરી એકટીંગ શિખવે છે તેજ પ્રમાણે વાંદર ખેલ કરે છે. ઘેલાને જેમ ભમાવીએ તેમ ભમતાં વાર લાગતી નથી. બીજું સોબતને અસર અને તુખમે તાસીર એ કહેવત પણ આ જગાએ ચોકસ પુરાવો કરી ખાત્રી આપે છે.

આહ હાહા! શું કેલવણી! કેલવણી પામી પામીને ખાખીનો જરાએ રહેવા દીધી નથી, કદાચ ખાખી રહેલી

હોયતો આવા સુધારા કદી થાય ખરા કે? કેમ મારા મિત્રો જરા બોલો તો ખરા, ખરૂં કે ખોટું, સાચું કે જુઠું તેતો કહો!

વાહરે મારા હિંદુભાઇઓ કેલવણીને પણ તમે ઉડતી હાકણની ઉપમા આપી. અને એબ લગાડી આવુંજ કરવું હતું તો પ્રથમથીજ એ બીચારીને રાખવાની જરૂર નહોતી અને રજાજ આપવી હતી કે હમારા દેશમાં તારી કાંઇ જરૂર નથી.

અરે ઓ વિશ્વાસઘાતી, કેળવાયલા! ફેરવાયલા! બાયલાઓ! બાળપણથી પૈસા ખરચી બાપદાદાએ વિદ્યાભ્યાસ કરાવ્યો તેનાં છેવટે આ ફળ ચખાડો છો કેમ? સ્ત્રીઓ બુટ, મોજાં, સ્ટોકીંગ, ચસમા, કાનમાં એરીંગ, હાથમાં છત્રી પકડી સાંજના હવા ખાવા એકમેકની આંગળી પકડી નિકળે, હોટલમાં ચા પીયે, બજારેથી પાનની પટી ખાય, લાલરંગની પીચકારીઓ મારે અને રંગરસિયા સાથે બાગબગીચે અમન ચમન કરી પતિવ્રતા ઘેર આવી પતિને સતાવે અને શયાણી થાય! વાહરે વાહ! શો પતિ પત્નિનો ધર્મ! આવી રાંડ કુભારજાઓએ તો આ હિંદુસ્થાનને કાળું કલંક લગાડી આખી સૃષ્ટીમાં ખરાબ કર્યું. એટલુંજ નહી પણ આ દેશમાં થયેલી સતિઓ જેવી કે, સિતા, તારા મંદોદરી, વગેરે અનેક પતિવ્રતાઓના નામને એબ લગાડી સતિઓ ટળી સંખણી થતાં અને પતિવ્રતા તજી અતિવ્રતા થતાં જરા શરમ પણ નથી આવતી? તે પણ નારીજ જાતિ હતી અને તમો પણ તેજ લાઇનના માણસો છો, તો આવા ખાસ ધારમીક નિયમો તજી સારમીક ધર્મ તમને સારો લાગે તો તેમ કરજો એમાં કાંઇ અમારો અમલ નથી.

જ્યારથી સ્ત્રી પુરૂષો આવી વર્તણુંક વરતવા લાગયા ત્યારથીજ તુખમફેર શક્તિહીણુ, તુરહીણુ સુરહીણુ, પ્રજા આ દેશમાં થઇ અને એ પ્રજા થઇ ત્યારથીજ રોગ વ્યાધી દુષકાળો વગેરેથી આ સૃષ્ટીની રંક પ્રજાને પીડાવું પડે છે. એમાં બીજાની કસુર નથી. ધર્મ કર્મ અને રીતરીવાજો છોડવા અને વ્યભિચાર વગેરે અઘોર કર્મના સ્વાર જોડ્યા ત્યારથીજ લક્ષ્મીની નાસની આ દેશમાંથી થવી શરૂ થઇ છે અને થસે.

જે હિંદુસ્થાન દરેક ખંડ કરતાં નામીચું હતું અને હજુ છે, શુરવિરો આ દેશમાં થયા છે તેવા બીજા દેશમાં થયા નથી. જેવાં યુદ્ધ આ ભુમિ ઉપર થયાં તેવાં બીજી ભુમિ ઉપર નથી. જેટલું રૂધીર આ ભુમીએ પીધું છે તેટલું બીજીએ નહિજ પીધું હોય. જેટલા પરદેશીનું પોષણ આ ભરતખંડે કર્યું છે, તેટલાનું બીજો દેશ કરી શકયો નહિ હશે. રંકને રાણા આ હિંદુસ્થાને બનાવ્યા હશે. બીજાની સતા નથી તે નથીજ. જે હિંદુસ્થાન આજે પરદેશીનું પોષણ કરતું આવ્યું છે અને કરે છે. છતાં હીન્દવાશીઓમાં આજ સુધી માલુમ નહોતું પડતું.

વાહરે મારા હીંદ! તારી આ દશા! હાય હીંદ હાય! જે હીંદ લક્ષ્મીપતિ નારાયણના તેજથી, ઝગઝગાટ થઇ રહેલું, જે હીંદ કનકના કોઠારોથી ભરેલું હતું. એજ હીંદ રાજના તાજથી ડરતું ન હતું અને ન્યાઇ હતું. જે હીંદ વિશ્વાસુ અને સત્યતાથી ભરેલું હતું.

જે હીંદ સતિઓની સુરે પણ દીપ્યમાન હતું, તેજ હીંદ, આજે તારી આવી દશા! હાય! લખતાં પણ કલમ આગળ ચાલતી નથી, જેને માટે આગળ જોઇએ એવા

ચાન્સ મળેલા છે તેજ હીંદ? આહા બાઇ એજ હીંદ! હડ હડતાલ હડતાલને હડતાલ!

એક રૂપિયાના અનાજમાં રંક પ્રાણી બે ત્રણ જણ પોષણ કરતું હતું, તે પણ આજ હીંદ, આજ ત્રણ માણસ ને હરરોજ ૦-૮-૦ જોઇએ તે પણ આજ હીંદ? એટલો બધો જેમાં ફેરફાર.

અરે આશું હું જોઉંછું; સાંભળું છું; બોલું છું કે બકું છું; ખરૂં હશે કે ખોટુ?

કોણે જાણે શું છે એ ગોટાળામાં આપણને તો કાંઇ સમજણ પડતી નથી.

વાહરે દુનિયાના રંગ અને ઢંગ જરા જુવો તો ખરા.

૧ વિધવા યા વૃધ પતિની યુવાન પત્નિને દેવ દરસને તથા કથા સાંભળવા કે વાવકુવા, તળાવ, નદી, બાગબગિચા વગેરે સ્થળોએ કોઇ પણ કારણસર દીવસના યા તો રાત્રના હરવા ફરવાને છુટ આપવામાં આવે છે. તેનો ફાયદો એજ કે બાપદાદાની ઇજ્જતને કાળો મેસ જેવો મોટો ચાન્સ, પુત્રી યાતો વહુ મેળવી ઇજતમાં વધારો કરે, એ શિવાય બીજો કાંઇ નથી. એવી બાળાઓ બીજા સાથે પ્રેમ કરે યા તો ઘરના નોકર વગેરે બીજાઓ સાથે છુપી રીતે પ્રિતી કરી વ્યભિચાર કરશે કે તેની સાથે નાશી જશે, તેની હરકત નથી, પણ ધારમીક પદ્ધતી એ પુનરલગ્ન કરશે તો ન્યાત બહાર મુકવામાં આવશે.

૨ પુરૂષોને સ્ત્રી હોય યા નહોય છતાં બહાર કુતરાઓની માફક જમેલા લોકોની પતરાળી ચાટવા છુટ છે! કોલણ, કાછીયણ, ગુણકા, ઘાટણ, વગેરે યાતો બીજી નીચ કોમની ઓરતને રાખી રહેવા છુટ છે, પણ પુનરલગ્ન

કરવા છુટ નથી. ધર્મ ભ્રષ્ટ થશે, જતી ભ્રષ્ટ થશે તો ન્યાતમાં રાખશું પણ ધારમીક નિયમોથી વરતન કરશો તો ન્યાત બહાર મુકશું. શું નિયમો ઘડયા છે! વાહરે નિયમ!

વિધવા સ્ત્રીઓ કોઇ બી કોમના માણસ સાથે છુપો પ્યાર કરશે અને તેનાથી ગર્ભ રહે તેની હત્યા કરાવશે તેની હમને હરકત નથી, પણ પુનર લગ્ન કરશે તો તેવાઓને ન્યાત બહાર મુકવામાં આવશે?

વાહરે! ગરા નીચ કોમના બંધુઓ આ ઉંચ કોમના બનાવો નજરે જોતાં તથા સાંભળતાઓ તો હજાર દરજ્જે હજુ સારા છો, તે આવા બનાવો ઉપરથીજ સિદ્ધ થાય છે. ત્યારે ઉંચ કોમનાજ આવા અઘોર કર્મ હશે?

વાહરે! મારા ઉંચ કોમના રીવાજો તમારી જે કીરતી ફેલાયલી હતી તેના પર પાણી ફેરવી આવા રીવાજો કાયમ રાખવા અને નીચના રીવાજોને ઉત્તેજન આપવું એ શું તમને સારૂં લાગતું હશે? કોણ જાણે શો હેતુ છે!

મારા મહેરબાનો, આમ્ર વૃક્ષને સાંવળના ફળ. અને સાંવળે આમ્રફળ આવે, એ શું તમે ન માનો! બ્રાહ્મણને ઘેર ક્ષાતમાં બીબી એ શું ખોટી વાત હશે!

ગૌરક્ષક થઈ કસાઇનું કામ કરે એ શું ખોટું છે?
નારી થઇ પારી મારે એ શું તમે ન માનો?
સ્થાણી થઇ શંખણી સત્યાનાશ વાળે એશું ન માનો?
માનું, કેમ નમાનું, ઉપરના સિદ્ધાંતથીજ ખરૂં ઠરે છે.

ગાયને કસાઇના દુષ્ટ બંધથી બાંધી હત્યા કરે તે જોવા કરતાં તે બંધ કાપી એ બીચારીનાં પ્રાણ બચાવવાને શું તમો શક્તિમાન નથી!

છેતો ખરા, પણ નામર્દ છે, એટલે હીમ્મતજ નથી!

અરે ઓ નિર્દય અને ઘાતકીઓ તમો આંખ મીચી આવાં કાર્ય કયાં સુધી થવા દેશો? ખોલો, ખોલો! જરા ચક્ષુને ખોલો અને જુવો કે શું થાય છે! દુષ્ટો, મુંગા પ્રાણીને બાંધીને માર મારી મારી નાંખશે ત્યાં સુધી શું તમો જોયાજ કરશો અને દયા લાવી વ્હાર કરી એવા રુંકને ન બચાવશો! જરા વિચારો અને દયા ઉરે ધરો.

ગાયન.

સદા પિડાય બાળા ગાય બિચારી કોને કહેશે;
કરે હાય હાય હૃદય માંય એ શું વેઠી રહેશે. સદા

સાખી.

બાળો બળતી આગમાં જીવતી બાળો કેમ,
દયા હીણુ ઓ દૈત્યજી લાવો હૃદયે રહેમ;
બાલ્યા વયમાં ફસાવી લગ્ન: દીધાં કરાવી,
અને વિધવા બનાવી હાય યુવાની કેમ જશે. સદા.

હે દયાળુ પ્રભુ! આવા કષ્ટોથી પિડાતી બાળાઓને પોતાના અંતરના અધિપતી શિવાય મનની ગુંચવણીની આંટીઓ કયાં ઉકેલતી હશે?

વિરહ કીડો એ બિચારીના તનને રાત્રી દીવસ ચટકા મારી મારી રીબાવીને મારતો હશે પણ એ બિચારી પોતાનું દુઃખ કોને કહે! અને કદાચ કહે છતાં પણ નિવારણ કોણ કરે એમ છે! કોઇજ નહીં ભાઇ કોઇજ નહીં!

દુનિયામાં ઘરેઘર કાદુનાંજ ચુલા હોય છે. કોઇને ત્યાં વિધવા વહુ હોય તો કોઇને ત્યાં દીકરી. કોઇની દીકરી તે આપણી વહુ અને આપણી દીકરી તે બીજાની વહુ

એ સર્વત્ર એકજ છે. આપણા ઘરમાં સૌભાગ્યવતીના વૈભવો જોઇ તે ભિખારીને શું વિરહ અગ્નિ ન પ્રાપ્ત થાય? થાયજ. છતાં એક ઘરમાં રહેવાનું છે અને રોજ એવા વૈભવ તેના જોવામાં આવે તો એ ભિખારીને શું કોઇ દીવસ પણ એવા વૈભવો ભોગવવાની ઇચ્છા ન થતી હશે! તેનો વિચાર આપણેજ કરવાનો છે.

કોઇના વૈભવ જોઇ આપણને કેવી ઇચ્છા થાય છે. તેવી બીજાને કેમ ન થતી હોય? થાયજ કેમ ન થાય.

વાંચો ધ્યાન દઇ વાંચો અને વિચારો.

ગધેડું સ્વારને માટે નથી પણ ખાસ ભારનેજ માટે છે.

ઘોડો ભારને માટે નથી પણ સ્વારનેજ માટે છે.

પૂષ્પ ખિલી કરમાઇ પડવાને માટે નથી પણ ખિલી ખુશબો આપી સર્વને શાન્ત કરવાનેજ ઉત્પન્ન થયેલું છે.

ઝેર કેર કરનાર વેરીને આપવાનું નથી એતો કોઇ પ્રેમીપાત્રનેજ આપવાનું છે.

સુર્યની ગરમી બાળીને ખાખ કરવાને માટે નથી, પણ વર્ષા ઋતુમાં વરસેલા પાણીને પાછું ખેંચી સંગ્રહ કરી સમયે પાછું આપવાને માટેજ છે.

મિષ્ટાન સ્વાદ આપી સુખી કરતું નથી, પણ રોગી બનાવી રીબાવીને મરણને શરણે કરનાર છે.

ત્યાગી તારનાર નથી પણ એતો જગતને ડુબાવનાર છે.

મુસાફર તો મારનાર છે પણ કદી ઉગારનાર નથી.

નારી એ પારી છે પણ પ્યારી નથી.

જર જાળવનાર નર નથી પણ ખર છે.

જોગી જાળવનાર નથી, એતો ભોગી બની ભોગવનાર છે.

જાત જાળવવાની નથી પણ ઝાંખમાં ઓકાવવાની છે.
ભાન શ્વાન છે, પશુ હેવાનને નથી.
કંચન કામનું નથી, એતો કાળનુંજ છે.
પાણી રાણીનું નથી. પણ કોઇ શેઠાણીનું છે.
નુર સુરનું નથી, પણ અસુરનું છે.
બીજ કેઇ બહાદુરનું નહીં પણ બાવળનુંજ છે.
કુર દુરનો છે કોઇ પુરનો પણ નથી.
નાર ભરથારની નથી પણ યારની છે.
ધાર તલવારની નથી, પણ જારની છે.
શાણી સતિ નથી, પણ શંખણી છે.
સાર નારમાં નથી પણ હદપારમાં છે.
પાપી પતિ પાળશે નહી કારણુ પરનારનો પ્રેમી છે.
હિંદુ હદપાર નથી પણ હકદારજ છે.
સાન સત્તાને નથી કોઇ શાણાને છે.
પાણી રાણીમાં નથી પણ એંધાણીમાં છે.
પતિ પાસે છે પણ પારકો છે.
નારી નાજુક છે પણ નકામી છે.
ડામ દીધો તો ખરો પણ દાઝયો નહીં.
છેડો છોડું તો ખરો પણ છાજતો નથી.
ચિતડાંનો ચોર ચેયો ખરો પણ ચસકયો નહીં.
સગો સારો હતો પણ સાવકો સત્યાનાશ વાળો.
સગીમાતા તો સારી છે પણ સાવકો તાત બહુ બુરો છે.

અરે મારા હિંદુ વડીલ અને લઘુ બંધુઓ ! હું તું એવા અહંકારી શબ્દોનો ત્યાગ કરો ને કુસંપના મુળ છેદો. અને સંપના બીજ વાવો ને સુખી થાવ. કારણ કુસંપથી ત્રણ કટકા ગયા તે ગયા અને હજુ જશે તે કયા–કે–કણ.

કનક અને કુમાર ગયા તે ગયા. રે ભાઈ! કોણ જાણે ક્યાં ગયા! ગયું તે ગયું એ હવે પાછું આવનાર નથી.

એક વખતે હું મુંબાઇ ગયો હતો, ત્યાં આગળ આઠેક દીવસ મારા સગાને ત્યાં રહયો હતો ત્યાં આગળ સાંજના ટાઇમે મારા સગાના મિત્રો દુકાન ઉપર પધાર્યા હતા. તે વખતે આપણે બંદા પણ ત્યાંજ આગળ હતા અને તે લોકોએ વાત કરવી શરૂ કરી તે નીચે મુજબની છે.

એક કોઇ પરદેશી વેપારી ભારે દામ દમામ અને રૂવાબથી મુંબાઇ શહેરમાં ઉતર્યો અને એક સુંદર બંગલો બગિચાવાળો ભાડે રખી ત્યાં મુકામ કર્યો. બંગલામાં હાંડી તકતા, ઝુમર, લાઇટો, ખુરશી, ટેબલ, ગાદીતકીયા, પલંગ વગેરે ઠાઠમાઠ કરી એવો તો ભપકાદાર બનાવ્યો કે ત્યાં આગળ જે કોઇ જાય તે શેઠનો ઠઠ જોઇનેજ ઠરી જાય કે આહાહા! આ કોઇ ભારે વેપારી છે એમ ત્યાંના લોકો તથા શેઠીઆનું પણ ધારવું થયું. દરવાજે ભૈયા તથા ઘરમાં કામકાજ કરવા ઘાટી અને રસોઇ કરવા બ્રાહ્મણ રાખ્યો હતો છતાં શહેરમાં ફરવા હરવા જવા સારૂ એક મોટર કાર ભાડે બાંધી હતી. આ પ્રમાણે ઠાઠ કર્યા બાદ શેઠને દરરોજ મોટરકારમાં બેસી ભૈયા સાથે ફરવા જવું. આમ હરતા ફરતા શેઠશેઠ એટલે વેપારીએ વેપારીમાં ઓળખાણ પીછાણ થવા માંડી. વેપારી લોકો પુછે કે શેઠજી આપને ક્યાં રહેવું? ત્યારે શેઠ વિચારીને ચોકસ કરી જવાબ આપે છે કે રહીએ છીએ ઇંગ્લાંડ, તો નામ આપો પેરિસ કે ફ્રાન્સનું કે કાંઇ ન લે ને આભ લે! આમ વિચારી તુરત ફ્રાન્સ રહીએ છીએ, એવો જવાબ આપી ખાત્રી કરી ત્યારે સામા વેપારીએ પુછયું કે અહરે શા માટે આવવું થયું છે?

જવાબ 'વેપાર્થે.' શેઠે કહ્યું માલઅલ જોઇએ તો આપણે ત્યાંથી મંગાવજો. પેલો કહે કે સાહેબ એક ચિઠ્ઠી લખી મોકલશો તો હું પણ મોકલીશ. આ તકનો લાભ લઇ સાહેબે તો વેપાર ધમધોકાર ચલાવવા માંડયો હવે, વેપારી લોકોમાં માલની ઉથલ પાથલ કરતાં કરતાં ધીર જ્યાં પુષ્કળ જોવામાં આવી કે શેઠે એકદમ માલ ખરીદી દરેક વેપારીઓને ચીઠી ફાડી આપી.

વેપારી પણ અકકલના આંધળા કેવા કે સહીની જરૂર નહી, ખાતાંની જરૂર નહી, ઓળખાણની જરૂર નહીં, સાહેબે કાગળના કટકા ઉપર પોતાનો સિકકો પાડયો કે બસ રૂપિઆ તો શેઠની પેટીમાં પડયા. આ પ્રમાણે કાંઇ પચાસેક લાખ રૂપિઆનું પાણી કરી શેઠજી સાહેબ તો રાતના ટ્રેનમાં ગયા તે ગયા.

ઘર આગળ ભૈયા, રસોઇઓ, ઘાટી, વગેરે સાહેબની રાહ જોઇ રહ્યા છે અને બીજી તરફથી સાહેબને ઘણી મુદત લાગવાથી તેમ કાગળ પત્ર ન આવવાથી વેપારીપર વેપારીઓ ચીઠીના ચીથરાં લઈ દોડાદોડ કરી રહ્યા પણ સાહેબ તો ગયા તે ગયા; અને કાગળના ફોતરાં જે વેપારીઓ પાસે રહ્યા તેને કોણ જાણે ગાળીને સોનું કાઢશે કે ખાખ બનાવશે તે તો શેઠ લોકો જાણે!

વાહરે સાહેબ ધન્ય છે તમને કે પા પઇનો પણ કાગળ નહી તેના પાંચ હજાર, દશ હજાર, પંદર હજાર, આમ કરી પચાસેક લાખની ચાંદી લઇ ગયા અને શેઠને કાગળનો કટકો આપી શંખ ચોળાવી ગયા, એજ ઠીક કર્યું કે આજ પછી કાગળના શીકકા ઉપર તથા પરદેશી માણસો ઉપર વિશ્વાસ ન રાખે અને લક્ષ્મિનો સંગ્રહ કરે. મારે પાંચ

હજાર, દશ હજાર, જોઇએ તો કાગળ ઉપર લખી મારો સિક્કો મારૂં તો આપે કે કેમ! નહીરે બાવા મારે તો એક પાઇ પણ જોઇતી નથી એતો બે ઘડી ગમ્મતને ખાતર કહ્યું માફ કરજો હો, [ગપ્પીદાશ]

પણ શેઠજી આટલા બધા શાણા સમજુ છતાં ચાંદીના શિક્કા આપી માલ લાવે અને કાગળના કટકે ધીરે એ શું મનાય કે નહીં ભાઈ હું તો ન માનું–કારણ કાંઇ શેઠના ઘરમાં કાગળના ટોટા નથી એમને ત્યાં તો કાગળથી આખા પેટારાને પેટારા ભરેલા છે તો શું જરાક કટકો લઇ શેઠ ચાંદીના રૂપિઆ આપી દે એ હું તે માનું? ન માનું ન માનું.—

એમ જો શેઠ કરતા હોય તો તો મારા ઘરમાં જેટલા કાગળો છે તે બધા હું શેઠને આપું મને કટલાક રૂપિઆ આપે વારૂ?

વાહરે મારા શેઠીઆએ! આ વખતે તમારી અકકલ કયાં ચરવા ગઇ હતી? તમારા ગુરૂજીએ તમને બહુ ભણાવ્યા હો! પણ તેમાંનું મને પણ થોડુંક યાદ છે ખરૂં. સાંભળો!

ગુરૂજી—સાંભળો સઘળા શેઠ સાહુકારો.

શેઠીઆ—જી મહારાજ.

ગુરૂજી—કીડીના દરમાં હાથી પેઠો.

શેઠીઆ—જી મહારાજ.

ગુરૂજી—અંગ ગયું અને પુછડી અટકી.

શેઠીઆ—જી મહારાજ.

ગુરૂજી—શંકા કરે તે નરકે જાય.

શેઠીઆ— જી મહારાજ (એટલે ગપ્પિદાસ બોલ્યા)

વાહરે મારા ગુરૂજી! શંકાના તો બત્રાજ સવાશે છે અને વળી શકા કરે તો નરકે જાય કહો છો ત્યારે શું ખરૂં ખોટું બધુંએ જી મહારાજ, જી મહારાજ કહયાજ કરવું? નહીં, નહીં, એ આ બંદાથી તો બનેજ નહીં.

એવા ગુરૂના આપણે તો ચેલાએ ન થઇએ અને જી મહારાજ ન કરીએ, જોઇ કે જી મહારાજની મઝા. હાયરે શેઠજી! તમારૂં તો ચિતડું ચિરાઇ જતું હશે પણ માફ કરજો. આતો ગમ્મતનો ઘંટ વાગે છે. ઘંટ. જ્યાં સુધી આ દુનિયાના રંગઢંગ બરોબર જોયા નથી, અને લાગણી ધરાવી વરત્યા નથી ત્યાં સુધી આવા ઘંટની ગુરૂની ખાસ ફરજ છે. કહેવત છે કે ઠોકર લાગે ત્યારે નીચે જોઇ તપાસી ચાલવાની સમજણ આવે છે. અરે આ શું હું બોલું છું કે બકું છું ખરૂં છે કે ખોટું નહીં નહી બાપ! એ તો વળતો ગોટાળો હું એક મુસાફર આ દુનિયાની મુસાફરી કરવાને નીકળ્યો. પણ ઘરમાં પલંગ ઉપર નિંદ્રાદેવીને આધીન થઇનેજ પડ્યું છે એવામાં મારો મીત્ર સ્વપ્ન સરદાર મને ફરવા જવા તેડવા આવતો હતો તે સામે મળ્યો એટલે હમો બેઉ મિત્રો ત્યાંથી આગળ ચાલ્યા.

આ શહેરમાં આ મારી પહેલીજ મુસાફરીની હકીકત જોતાં તો મારા ચિતડાં ચિરાઇ ને બે ભાગ થઇ ગયા તે બે ભાગ પ્રથમથીજ ચાલ્યા આવે છે પરંતુ જોડાણ થયેલા હોવાથી, માલુમ બે માલુમ છે માટે બારીકીથી જોવાના છે. તે જેમ ઢોલ ઢંમ ઢંમ વાગે છે તે શાથી પોલની ઉપરથી પડ તોડ્યું અને પોલની ખોલ પડી, કે ઢંમ ઢંમને છંમ તમામ બંધ થયું.

હવે અમો ફરતા ફરતા આગળ ચાલ્યા તો શહેરના સુંદર મકાનો જોતાં જોતાં રાત્રીના બાર વાગ્યાના સુમારે હમો મધ્ય સ્થળે જઇ પહોચ્યા, ત્યાં આગળ હમો જરા બિડી સળગાવવા ઉભા રહ્યા. એટલામાંતો જ્યાં ઉભા છે તેજ મકાનના મેડા ઉપરથી ગદ્દ ગદ્દ કંઠે નીકળતો સુર અમારા સાંભળવામાં આવ્યો એટલે અમારો વિચાર તે હેતુ સમજવા ઉપર ગયો, અને તેજ મકાનના બહારના ઓટલા ઉપર હમો બેઠા તે વખતે નીકળતો સુર નીચે મુજબ છે.

આ મકાન સુંદર અને મોટું હતું જેનાથી કોઇ શેઠીયાનું હોય એમ હમારૂં ધારવું છે.

મકાનમાંથી ગદ્દ ગદ્દ કંઠે નીકળતો સુર સાંભળજો.

ગાયન.

હું તો સુતીતી ભોવનમાં, સઇયર મારીરે;
આવ્યું સ્વપ્નું ઝબકી જાગી જોયું ધારીરે. હું.
હું પણ રંગરશમાં ડુલી સ્વપ્નામાં ભાન ભુલી;
એવામાં નયેણાં ખુલી મારી રે. હું૦
આવ્યા મુજ સ્વામી વ્હાલી કહીને મુજને બોલાવી.
રીશાવી પ્રેમે બેઠી ત્યાગીરે. હું૦
ભાસે સમસાન સરખું દીવો લઇ પીયુને નિરખું;
અરે હું ભુલી વિરહે નારીરે. હું.

સાખી.

સારૂં દુઃખ સુળી તણું, તરતજ પ્રાણ તજાય;
પણ આ દુઃખ તેથી ઘણું, પણ નહી અગન બુજાય.

હાય... અરે... એ... કીરતાર મારી આ શી દશા હું બળુંછું, જળુંછું, ને મરૂંછું અરે કોઇ બચાવો...બચાવો હા... રે અરે... ઓ નિરદય કામદેવ, બસ કર. હવે મને

ન સતાવ, ન રીબાવ, હે નાથ આવો આવો, કયાં ગયા? શું તમને મારી લેષ માત્ર પણ લાગણી ન હશે? અરે હું ભુલું છું, આ શું હું તો વિધવા છું! પતિતો માબાપે કરાવ્યા હતા પણ તે પ્રેમ પાણી પીવા નહીં પરંતુ પ્રાણને જલાવવાનેજ માટે, હાયરે હાય! હવે આ દીવસો મારા કેમ જશે અને શું થશે!

શું ત્યારે મારે આખી જીંદગી આમ રીબાતી રીબાવીને ગુમાવવી પડશે?

આમજ થશે તો ઇશ્વરે આ દુનીયામાં મને કયા કાર્ય માટે ઉત્પન કરી હશે?

બાળપણ ખેલવા કુદવામાં સમજ વિના ગયું. યુવાન અવસ્થામાં મારૂં અંગ વસંત રૂતુના ખિલેલા બગીચા માફક ખિલી રહયું છે, તો શું હવે આ ખિલેલી કળી કરમાઇ સુકાઇને ખરી પડશે? કે કોઇ શૉખીન ખુશબો લેશે? અરે પણ હું શું સાંભળું છું! કાંઇ કમળનું પત્ર સુર્ય ઉદય થતાં ખોલશે ખરૂં? અને આ પુષ્પની સુગંધ કોઇ ભ્રમર લેશે ખરો આ...... શું અવાજ શાનો થાય છે? કોઇ ભ્રમરજ ગું ગું કરતો જાય છે. એ કયાંથી આવ્યો હશે? શું કોઇ પુષ્પની વાસ લેવા જતો હશે?

ચાલ બારીથી જોઉં તો ખરી (આમ કહી બારીથી નીચે જુએ છે.)

કોઇ છે તો ખરો પણ ચકોર છે. ચસકયો તો નથી. પણ જરા ડગ્યો તો ખરો.

અરે કેમ બોલતા નથી, સરમાઓ છોકે? જરા બોલો, પરદો ખોલો, નાંખો ઝોલો, નહીં તો કહીશ:ઢોલો, કેમ! બોલો, ન બોલશો તો પસ્તાશો, મુંઝાશો, જોજો આ ખત ફરી ફરી મળનાર નથી. અને આજના થએલા સમાગમની પ્રેમ રસીની ગાંઠ બંધાયેલી પણ કદી તુટનાર નથી. શું હજુ આટલું કહ્યું છતાંએ તમે નહિજ બોલશો? ત્યારે તો હું તમને ઘાતકી, ચોર, લુટારા, લુચ્ચા કહીશ ત્યારે વળી મારું ન લગાડશો. રીસાશો નહીં, છટકશો નહીં કેમ શા વિચારમાં લીન છો? કે હું નીચે બોલાવવા આવું, વાહરે મારા ચિતડાના ચોર મનડાના મોર, હૃદયના કોર, તમારે તો માન પાન ખાનદાન સૌ જોઇતું હશે કેમ! ભલે તેમ કરું.

(આમ કહી ધીમે ધીમે મેડેથી ઉતરી બકારના ઓટલા ઉપર જઈને જુવે છે.)

(અપુર્ણ)